રાજ્ય પોલીસ વડા દ્વારા 159 પીએસઆઇને પીઆઇની બઢતી અપાઇ

વડોદરા શહેર-જિલ્લા સહિત મધ્ય ગુજરાતમાં 36 PSI ને PIનું પ્રમોશન

(પ્રતિનિધિ) વડોદરા તા.21

રાજ્ય પોલીસ વડાએ ગુજરાતના વિવિધ શહેરમાં ફરજ બજાવતા 159 પીએસઆઇ (બિનહથિયાર) ને પોલીસ ઇન્સ્પેક્ટર તરીકનું પ્રમોશન અપાયું છે. જેમાં વડોદરા શહેર સહિત મધ્ય ગુજરાતના 36 પીએસઆઇને પીઆઇ બનાવવામાં આવતા અધિકારીઓમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

રાજ્યના 159 પોલીસ સબ ઇન્સ્પેક્ટર બિન હથિયારી છેલ્લા ઘણા સમયથી ફરજ બજાવતા હતા. ત્યારે આ પીએસઆઇને પ્રમોશન આપીને તેમને પોલીસ ઇન્સ્પેક્ટર તરીકેનું પ્રમોશન આપવા સાથે તેમનો પે સ્કેલ પણ રાજ્ય પોલીસ વડા દ્વારા વધારી દેવામાં આવ્યો છે. જેમાં મધ્ય ગુજરાતના આવતા જિલ્લાના પોલીસ સ્ટેશનોમાંથી 36 જેટલા પીએસઆઇની પ્રમોશન આપવામાં આવતા આ અધિકારીઓના ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકારે પોલીસ વિભાગમાં 14 હજાર જેટલા પદો માટે ભરતી પણ જાહેર કરી છે.જેની ભરતી પ્રક્રિયા આગામી ઓગષ્ટ સપ્ટેમ્બર મહિનામાં શરૂ થશે તેવું સુત્રોમાંથી જાણવા મળ્યું છે.

કયા PSIને PI પ્રમોશન મળ્યું

1. જયસુખભાઇ બિજલભાઇ મીઠાપરા - પ.રે. વડોદરા	13. ઘનવાન રાજેન્દ્રકુમાર બારૈયા - દાહોદ	25. વિનોદકુમાર બળવંતભાઇ ચૌહાણ - વડોદરા રૂરલ
2. નિતીરાજસિંહ ગુણવંતસિંહ જાડેજા - વડોદરા શહેર	14. જયેશભાઇ વક્મતભાઇ વાઢિયા- ખેડા	26. જયદિપકુમાર વિષ્ણુલાલ પટેલ - પંચમહાલ
3. વિધિ શશિકાંત પરમાર - ખેડા	15. ઘનશ્યામસિંહ મેરૂભાઇ પાવરા - આણંદ	27. હેલતબેન માલજીભાઇ રબારી - ખેડા
4. વિધિબેન મોતીભાઇ પુજાકર - ખેડા	16. ગીરીરાજસિંહ બળવંતસિંહ પરમાર - દાહોદ	28. સમીર રમેશચંદ્ર ચૌહાણ - ખેડા
5. શીતલબેન મરતાજી મેણાત - GUVNL વડોદરા	17. શૈલેષભાઇ માવજીભાઇ પટેલ - આણંદ	29. વિજયકુમાર કનુભાઇ રાઠોડ - આણંદ
6. પ્રવિણાબેન કમલેશકુમાર તબિયાર - પંચમહાલ	18. અંકુશ મનોજભાઇ ગેલોત - ખેડા	30. રાધાબેન મનુભાઇ પરમાર - ખેડા
7. કવિતા મહેન્દ્રભાઇ બ્રહ્મભટ્ટ - વડોદરા શહેર	19. મહેન્દ્રસિંહ ગુલાબસિંહ પરમાર - વડોદરા રૂરલ	31. કિંજલબેન નરેશભાઇ ચોપડા - આણંદ
8. રોહિતજી ભવાનજી વિહોલ - વડોદરા શહેર	20. મિત્તલબેન કિરીટભાઇ પટેલ - દાહોદ	32. લક્ષદીપ જેસંગભાઇ મિયાત્રા - વડોદરા શહેર
9. રાજદિપસિંહ જશુભા જાડેજા - પંચમહાલ	21. નિલેશકુમાર મુકેશભાઇ રામી - દાહોદ	33. જયેશકુમાર કરમશીભાઇ ભરવાડ - આણંદ
10. બલભદ્રસિંહ નાથુભા ગોહિલ - વડોદરા રૂરલ	22. જયેન્દ્રકુમાર ઉદયસિંહભાઇ ગોહિલ - વડોદરા રૂરલ	34. સતિષકુમાર લીમજી કામોળ - પંચમહાલ
11. કુલસિંહ નારણસિંહ સોલંકી - વડોદરા શહેર	23. ધનાભાઇ રણમલભાઇ ભાદરકા - વડોદરા રૂરલ	35. શૈલેષ જંયતભાઇ રાઠોડ - દાહોદ
12. ભાર્ગવ મહેશભાઇ માળી - આણંદ	24. ચેતનસિંહ કુલદિપસિંહ રાઠોડ - વડોદરા શહેર	36. મહેશભાઇ રમણભાઇ રાઠોડ - આણંદ

ધો.4માં પ્રવેશ આપવા માટે મેનેજમેન્ટ દ્વારા વિદ્યાર્થીનો રિટર્ન ટેસ્ટ લેવાયો

દિલ્હી NCPCRમાં ફરિયાદ બાદ પોદ્દાર સ્કૂલને નોટિસ,દંડ નહિ ભરે તો માન્યતા રદ થશે

વડોદરાનું તંત્ર નબળું હોવાથી વાલીએ દિલ્હીમાં ફરિયાદ કરવી પડી

(પ્રતિનિધિ) વડોદરા,તા.21

માણેજા ખાતે આવેલી પોદાર સ્કૂલને જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી દ્વારા નોટિસ પાઠવી દસ હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે. જો આ સ્કૂલ દ્વારા ત્રણ દિવસમાં દંડની રકમ ભરવામાં નહીં આવે તો સ્કૂલની માન્યતા રદ કરવાની સૂચના પણ આપવામાં આવી છે. ચોથા ધોરણમાં પ્રવેશ આપવા ઈન્ટરવ્યુ અને પરીક્ષા મામલે દિલ્હી નેશનલ કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડમાં વાલીએ ફરિયાદ કરી હતી.

માણેજા ખાતે આવેલી પોદ્દાર વર્લ્ડ સ્કૂલમાં પ્રવેશ આપવા માટે બાળક કે તેના વાલી નો ઈન્ટરવ્યૂ લઈ શકાય નહીં. આ બાબતે શિક્ષણ વિભાગે પ્રતિબંધ લાદયો છે, તેમ છતાં આ સ્કૂલના મેનેજમેન્ટ દ્વારા ચોથા ધોરણમાં પ્રવેશ આપવા માટે એક બાળકનું ઈન્ટરવ્યૂ અને તેની રિટર્ન પરીક્ષા પણ લીધી હતી. ત્યારે આ સમગ્ર મામલે વાલીએ નેશનલ ચાઈલ્ડ વેલ્ફેર બોર્ડને ફરિયાદ કરી હતી. જે ફરિયાદના આધારે બોર્ડે વડોદરા કલેકટરને આ ફરિયાદ સંદર્ભમાં એક્શન લેવા તાકીદ કરવામાં આવી હતી. જેના પગલે વડોદરા જિલ્લા કલેકટર કચેરી દ્વારા જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરીને તપાસ સોંપવામાં આવી હતી. જેથી જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી દ્વારા માણેજાની પોદ્દાર વર્લ્ડ સ્કૂલમાં તપાસ કરી મેનેજમેન્ટ અને વાલીઓના નિવેદનો લેવામાં આવ્યા હતા. જેમાં અંતે પોદાર વર્લ્ડ સ્કૂલ દ્વારા નિયમોનું ઉલંઘન કરવામાં આવ્યું હોવાનું ફલિત થયું હતું. જેથી કરીને જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી દ્વારા આ સ્કૂલને નોટિસ ફટકારવામાં આવી છે અને જો ત્રણ દિવસમાં દંડ ભરવામાં નહીં આવે તો સ્કૂલની માન્યતા પણ રદ કરવામાં આવશે તેવી સૂચના પણ આપવામાં આવી છે.

અત્રે મહત્વની બાબતો એ છે કે વાલીએ આ મામલે સીધી ફરિયાદ એનસીપીસીઆર દિલ્હીમાં કરવી પડી હતી. જેથી ફલિત થાય છે કે અહીંનું તંત્ર ક્યાંક ખાનગી શાળાઓ સાથે મિલીભગત તો નથીને. અત્યાર સુધી વાલીઓ દ્વારા ઘણી વખત જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરીમાં આવી ખાનગી શાળાઓ દ્વારા કરવામાં આવતી મનમાની સામે ફરિયાદો કરવામાં આવી છે. પરંતુ યોગ્ય કાર્યવાહીના અભાવે આજે પણ ઘણી ખાનગી શાળાઓ મન ફાવે તેમ પોતાના નિર્ણયો મુજબ વાલીઓ પાસેથી તગડી ફી વસૂલ કરી રહી છે.

બિલાડી ફસાઇ જતાં કેબલ તૂટ્યો, મોટી દૂર્ઘટના ટળી

ગોરવા-મધુનગરના સિફા કોમ્પલેક્સની લિફ્ટ પાંચમા માળેથી પટકાતા ડિલિવરીમેનને ઈજા

ડિલિવરીમેન લિફ્ટમાં પાંચમાં માળે દૂધ આપવા જઈ રહ્યો હતો

ડિલિવરીમેનને પીઠમાં ગંભીર ઈજા થતાં હોસ્પિટલમાં સારવાર હેઠળ

(પ્રતિનિધિ) વડોદરા તા.21

વડોદરા શહેરના ગોરવા-મધુનગર વિસ્તારમાં આવેલા સિફા કોમ્પલેક્સની લિફ્ટમાં બિલાડી ફસાઈ જતાં લિફ્ટનો કેબલ તૂટી જવાની ઘટનામાં લિફ્ટ 5માં માળેથી ધડાકાભેર નીચે પટકાઈ હતી. લિફ્ટમાં દૂધના ડિલીવરીમેનને આ અકસ્માતમમાં પીઠના ભાગે ગંભીર ઈજા પહોંચતા તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો હતો. જોકે સદનસીબે લીફ્ટમાં વધુ વ્યક્તિ ન હોવાથી મોટી દુર્ઘટના ટળી હતી.

ગોરવા મધુનગર વિસ્તારમાં આવેલા સિફા કોમ્પલેક્ષના રહેવાસીઓને અર્પિત કુમાર નારણભાઈ દેસાઈ દરરોજ દૂધ આપવા માટે આવે છે. બુધવારે સવારે પણ રાબેતા મુજબના સમયે તે લિફ્ટમાં પાંચમાં માળે દુધ આપવા જઈ રહ્યો હતો. ત્યારે અચાનક લિફ્ટનો કેબલ વાયર તૂટી જતાં લિફ્ટ સડસડાટ ભોયતળીયે પહોંચી ગઈ હતી. લિફ્ટ ભોયતળિયે ધડાકાભેર પટકાતાં અવાજ સાંભળીને કોમ્પલેક્ષના રહેવાસીઓ અને આસપાસના લોકો દોડી આવ્યા હતા અને લિફ્ટમાં દૂધના ઈજાગ્રસ્ત ડિલીવરીમેન અર્પિતને સારવાર માટે તાત્કાલિક નજીકના ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. લિફ્ટનો કેબલ કઈ રીતે તૂટ્યો એ અંગે તપાસ કરાવતા લિફ્ટના છઠ્ઠા માળે આવેલા કેબિનમાં એક બિલાડી ફસાઈ જતાં મેઈન કેબલ તૂટી જતાં આ અકસ્માત સર્જાયાનું સ્પષ્ટ થયું હતું આ અકસ્માતમાં ઘવાયેલા ડિલીવરીમેનને પીઠના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હોવાનું તબીબે જણાવ્યું હતું. ગોરવા પોલીસે સોસાયટીના સભ્યો અને પ્રમુખનું નિવેદન નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

ડેપો ખાતે બસમાંથી ઉતરતાં વ્યક્તિના આઈફોનની ચોરી

(પ્રતિનિધિ) વડોદરા તા. 21

ગાજરાવાડી વિસ્તારમાં હરિજનવાસમાં વોર્ડ નં.03 પાસે પ્રિન્સ અશોકભાઈ સોલંકી નામનો આશરે 25 વર્ષીય યુવક રહે છે અને માંજલપુર વિસ્તારમાં આવેલા વિજય સેલ્સમા ફરજ બજાવે છે.તેણે પોતાના અંગત ઉપયોગ માટે ઓક્ટોબર -2024મા આઈફોન 16પ્લસ ખરીધ્યો હતો. ગત તા. 01 ફેબ્રુઆરીના રોજ પ્રિન્સ પોતાના એક મિત્ર વિશાલ વિપીનભાઈ સોલંકી સાથે સુરત થી સુરત-ઝાલોદની એસ.ટી.બસમા બેસી વડોદરા સેન્ટ્રલ એસ.ટી.ડેપો ખાતે બસ ડ્રોપિંગ એરિયામાં વહેલી સવારે પાંચેક વાગ્યે બસમાંથી નીચે ઉતરતા હતા તે દરમિયાન મુસાફરોની ભીડની તકનો લાભ ઉઠાવી કોઈ ગઠિયાએ ખિસ્સામાંથી આઈફોન 16પલ્સ મોબાઈલ જેની અંદાજે કિંમત રૂ.90,000સેરવી લીધો હતો જેથી આસપાસ તપાસ કરી હતી પરંતુ આઈફોન ન મળતાં સિટીઝન પોર્ટલ પર ઇ.એફ આઈ આર કરી હતી જે અંગેની ગત તા.21 ફેબ્રુઆરીના રોજ સયાજીગંજ પોલીસે તપાસ હાથ ધરી છે.

પીસીબીએ ખોડીયારનગરમાં મકાનમાં જુગાર રમતા 5 ખેલીને ઝડપી પાડ્યા

મોબાઇલ મળી રૂપિયા 1.40 લાખનો મુદ્દામાલ કબજે કરી બાપોદ પોલીસને સુપરત કર્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.21

વડોદરા શહેરના ખોડીયારનગર રોડ ઉપર આવેલા સિધ્ધનાથ પ્લેનેટના મકાનમાં ચાલતા જુગાર રમતા પર પીસીબી પોલીસે રેડ પાંચ ખેલીઓને ઝડપી પાડ્યા હતા. પીસીબીએ જુગારિયાઓની અંગજડતી અને દાવ પર લાગેલી રોકડ રકમ તેમજ પાંચ મોબાઈલ મળી રૂપિયા 1.40 લાખનો મુદ્દામાલ કબજે કરી બાપોદ પોલીસને સુપરત કર્યો હતો.

વડોદરા શહેર જિલ્લામાં સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા અવારનવાર ગેરકાયદે ધમધમતા દારૂ અને જુગારના અડ્ડા પર રેડ કરવામાં આવતી રહેતી હોય છે. ત્યારે તાજેતરમાં પણ ફતેગંજ તથા વરણામા પોલીસ સ્ટેશનની હદમાં એસએમસીની ટીમને દરોડા પાડીને પાંચ લાખ ઉપરાંતના વિદેશી દારૂ સહિત છ લોકોને ઝડપી પાડ્યા હતા. ત્યારે હવે પોલીસ પણ એક્શનમાં આવી ગઈ છે અને દારૂ જુગારની પ્રવૃત્તિ પર સતત વાંચ રાખી રહી છે.

20 ફેબ્રુઆરીના રોજ પીસીબી પોલીસને બાતમી મળી હતી કે ખોડીયાર નગર વિસ્તારમાં આવેલા સિધ્ધનાથ પ્લેનેટના સીટ ટાવરના મકાન નંબર 202 માં કેટલાક શખ્સો ભેગા મળીને જુગાર રમી રહ્યા છે. જેના આધારે પીસીબી ની ટીમે આકાશ રઈજીભાઈ માછીના મકાનમાં રેડ કરી હતી. ત્યારે મકાનમાં જુગાર રમતા પાંચ ખેલી આકાશ રઈજી માછી (રહે, સિધ્ધનાથ પ્લેનેટ ખોડીયારનગર ડી-માર્ટની પાછળ, ઓમકાર હેરીટેઝની બાજુમાં વડોદરા શહેર), દિલીપ ઉર્ફે રમેશ મંગળસિંહ ખાંટ (રહે, જય અંબે ફળીયુ ગીરીરાજ સોસાયટીની બાજુમાં કિશનવાડી આજવા રોડ વડોદરા શહેર), ધર્મેશ ઉર્ફે ધમો રમેશ ગોહીલ (રહે. ઝંડાચોક મેલડી માતાની સામેની ગલીમાં કીશનવાડી વડોદરા), નયનકુમાર ઉર્ફે વિશાલ ગોપાલભાઈ કહાર (રહે. કહાર મોહલ્લો પાણીગેટ વડોદરા શહેર) તથા સાગર કંચન માછી (રહે, મહેશ કોમ્પલેક્ષ વાઘોડીયા રોડ વડોદરા શહેર) ઝડપી પાડ્યા હતા. જુગારીયાઓની અંગત ઝડપી તથા દાવ પર લાગેલી રોકડ રકમ રૂપિયા 95 હજાર અને 6 મોબાઈલ રૂ.45 હજાર મળી રૂ.1.40 લાખનો મુદ્દામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી માટે બાપોદ પોલીસને સોંપવામાં આવ્યો છે.

MSU અને યુનિવર્સિટી ઓફ ટેનેસી હેલ્થ સાયન્સ સેન્ટર વચ્ચે MOU

ટેનેસી હેલ્થ સાયન્સ સેન્ટરનો ઉદ્દેશ્ય શિક્ષણ, સંશોધન, ક્લિનિકલ કેર અને જાહેર સેવા દ્વારા માનવ સ્વાસ્થ્યને સુધારવાનો

(પ્રતિનિધિ) વડોદરા,તા.21

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા અને યુનિવર્સિટી ઓફ ટેનેસી હેલ્થ સાયન્સ સેન્ટર વચ્ચે વિદ્યાર્થી અને સ્ટાફ એક્સચેન્જ એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. એમએસયુના કાર્યકારી વાઇસ ચાન્સેલર પ્રોફેસર ધનેશ પટેલ અને યુનિવર્સિટી ઓફ ટેનેસી હેલ્થ સાયન્સ સેન્ટરના એક્ઝિક્યુટિવ વાઇસ ચાન્સેલર અને ચીફ ઓપરેટિંગ ઓફિસર રાજ કુરાપતિએ આ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

1911 માં સ્થપાયેલ, યુનિવર્સિટી ઓફ ટેનેસી હેલ્થ સાયન્સ સેન્ટરનો ઉદ્દેશ્ય શિક્ષણ, સંશોધન, ક્લિનિકલ કેર અને જાહેર સેવા દ્વારા માનવ સ્વાસ્થ્યને સુધારવાનો છે. યુટી હેલ્થ સાયન્સ સેન્ટર કેમ્પસમાં ડેન્ટિસ્ટ્રી, ગ્રેજ્યુએટ હેલ્થ, સાયન્સ હેલ્થ પ્રોફેશનલ્સ, મેડિસિન, નર્સિંગ અને ફાર્મસી કોલેજોનો સમાવેશ થાય છે. પ્રોફેસર વનીષા નાબ્બિયાર, ઓફિસ ઓફ ઇન્ટરનેશનલ અફેર્સ ભાગીદારી અને સહયોગના ડેપ્યુટી ડિરેક્ટરે માહિતી આપી હતી કે શરૂઆતમાં, આ એક્સચેન્જ ફેકલ્ટી ઓફ ફાર્મસીના વિદ્યાર્થીઓ અને સ્ટાફ સાથે હશે. ડો. કીર્તિ પટેલ, આઇ.ડીન ફેકલ્ટી ઓફ ફાર્મસી અને ડો. હેમલ ટંડેલે માહિતી આપી હતી કે એમએસયુના વિદ્યાર્થી ફાર્મ ડીમાં નોંધણી કરાવી શકશે જેના કારણે તે ફાર્મસીનો અભ્યાસ કરી શકશે અને સંકલિત પીએચડી પ્રોગ્રામમાં પણ નોંધણી કરાવી શકશે જે સંશોધન અને શૈક્ષણિક ક્ષેત્રે માર્ગ ખોલે છે. ફાર્મ ડી પ્રોગ્રામમાં પ્રવેશતા પહેલા ઓછામાં ઓછા 62 ક્રેડિટ પૂર્ણ કરવા પડશે. યુનિવર્સિટી ઓફ ટેનેસી હેલ્થ સાયન્સ સેન્ટર બરોડાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના કાર્યક્રમોમાં મેટ્રિક્યુલેશન કરનારા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ પૂરી પાડવા માટે કામ કરશે. જે સમાન કાર્યક્રમોમાં નોંધાયેલા સ્થાનિક વિદ્યાર્થીઓ દ્વારા ચૂકવવામાં આવતી ફીના સમકક્ષ દર પ્રદાન કરે છે. જોકે, વિદ્યાર્થીએ મુસાફરી, રહેવા-જમવાનો ખર્ચ ઉઠાવવો પડશે. બંને સંસ્થાઓ સ્નાતક અને પીએચડી વિદ્યાર્થીઓ માટે ડ્યુઅલ ડિગ્રી પ્રોગ્રામ ઓફર કરવા માટે સહયોગ કરવા સંમત થાય છે, તેમને ઉન્નત શૈક્ષણિક અને સંશોધન પ્રદાન કરે છે.

પ્રેમિકાએ પ્રેમસંબંધની ના પાડતાં યુવકે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

પરપ્રાંતિય મહિલાનો અગમ્ય કારણોસર ફાંસો

(પ્રતિનિધિ) વડોદરા તા. 21

શહેરના બે અલગ અલગ વિસ્તારોમાં એક યુવક તથા મહિલાએ ફાંસો ખાઈ જીવન ટૂંકાવતા સમગ્ર મામલે અલગ અલગ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી તપાસ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

શહેરના બાવચાવાડ,હૂજરાત ટેકરા પાસે આવેલા મહાકાળી મંદિર પાસે રહેતા આશરે 21 વર્ષીય પ્રિયાંશુ મહેશભાઇ પરમાર પોતાની માતા, દાદા અને બહેન સાથે રહેતો હતો તેણે ગત તા. 20 મી ફેબ્રુઆરીના રોજ રાત્રે આશરે પોણા બાર વાગ્યા પહેલાં પોતાના ઘરે ફાંસો ખાઈ લીધો હતો બનાવની જાણ થતાં માતાએ બુમરાણ મચાવતા આસપાસના લોકો દોડી આવ્યા હતા અને યુવકને ઈમરજન્સી એમ્બ્યુલન્સ મારફતે એસ.એસ. જી.હોસ્પિટલમા લઈ ગયા હતા જ્યાં ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો.આ અંગે સિટી પોલીસે ગુનો નોંધી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે એસ.એસ.જી.હોસ્પિટલમા ખસેડી તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન મૃતકના બનેવીના જણાવ્યા અનુસાર, પ્રિયાંશુ ના ઘરમાં માતા તથા દાદા અને ત્રણ બહેનો છે જેમાં બે બહેનોના લગ્ન થ ઇ ચૂક્યા છે જ્યારે એક બહેનના લગ્ન બાકી છે. માતા એસ.એસ.જી. હોસ્પિટલમાં ફરજ બજાવે છે. પ્રિયાંશુ ઘરે જ રહેતો હતો તે કોઈ કામધંધો કરતો ન હતો ઘરમાં સૌથી નાનો અને એકનો એક દીકરો હતો તેને આજવારોડ ખાતે રહેતી એક યુવતી સાથે પ્રેમસંબંધ હતો પરંતુ પ્રેમિકા બીજા યુવકને પ્રેમ કરવા લાગી હતી જેથી પ્રિયાંશુએ પ્રેમિકાને બીજાને છોડી પોતાની સાથે પ્રેમ માટે કહેતાં પ્રેમિકાએ ના પાડી દીધી હતી જેથી લાગી આવતાં યુવકે પોતાના ઘરે રૂમમાં ફાંસો ખાઈ લીધો હતો તેમ જણાવ્યું હતું. સમગ્ર મામલે સિટી પોલીસે મૃતક યુવકનો ફોન કબજે લઈ તપાસ હાથ ધરી છે.

જિલ્લામાં આવાસ યોજનાના સર્વેક્ષણમાં 14,415 લાભાર્થીઓ નોંધાયા

જિલ્લાની 530 ગ્રામ પંચાયતોમાં ઘરવિહોણા લોકોનો શોધવા માટે સર્વેક્ષણ હાથ ધરાયું હતું

(પ્રતિનિધિ) વડોદરા તા.21

વડોદરા જિલ્લામાં ઘરવિહોણા લોકોને શોધી તેને પ્રધાનમંત્રી આવાસ યોજનામાં સમાવવા માટે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા હાથ ધરવામાં આવેલા સર્વેક્ષણમાં 14415 લાભાર્થીઓ નોંધાયા છે. રાજ્ય સરકાર દ્વારા આ વખતના અંદાજપત્રમાં આવાસ યોજનામાં આર્થિક સહાયમાં કરાયેલા માતબર વધારાનો લાભ પણ મળવાનો હોય હાલમાં ગ્રામીણ વિસ્તાર માટે પ્રધાનમંત્રી આવાસ યોજના માટે એક લાભાર્થીને રૂ. 1.20 લાખની સહાય આપવામાં આવે છે. જેમાં આવાસ મંજૂરીના સમયે રૂ. 30 હજાર, ઘરનું પ્લીન્થ સુધીના બાંધકામ થવાથી રૂ. 80 હજાર અને પૂર્ણ થવાથી બાકીના રૂ. 10 હજારની ચૂકવણી કરાવે છે.

પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણમાં ઉક્ત રીતે રૂ. 1.20 લાખ સિવાય રૂ. 12 હજારની સહાય ટોઇલેટ બ્લોક માટે અને ઘર બાંધકામમાં કામ કરવા બદલ પરિવારના એક સભ્યને પ્રતિ દિનના રૂ. 280 લેખે 90 દિવસની રોજગારી પેટેની સહાય મનરેગા હેઠળ આપવામાં આવે છે. લાભાર્થી જો તેમના મકાનનું બાંધકામ છ માસની અંદર પૂર્ણ કરે તો તેમને વધારાના રૂ. 20 હજારની સહાય મળે છે. રાજ્ય સરકાર દ્વારા બજેટમાં આવા મકાનના બાંધકામ માટે સહાયની રકમમાં રૂ. 50 હજારની વૃદ્ધિ કરી છે. જેનાથી ગરીબ પરિવારોને ફાયદો થશે. જિલ્લા વિકાસ અધિકારી મમતા હિરપરાના માર્ગદર્શન હેઠળ વડોદરા જિલ્લાની 530 ગ્રામ પંચાયતોમાં ઘરવિહોણા લોકોનો શોધવા માટે સર્વેક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું. કેન્દ્ર સરકાર દ્વારા ગરીબોને જેઓને ખુલ્લો પ્લોટ હોય, કાચું મકાન હોય તેવા પરિવારોને પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ - 2.0 હેઠળ પાકું મકાન બનાવવા ઉક્ત ધોરણે આર્થિક સહાય અપાય છે. હાલમાં લાભાર્થીઓના સર્વેક્ષણ કરી ઓનલાઇન ફોર્મ ભરવાની કામગીરી ચાલી રહી છે. આ સર્વેક્ષણમાં બાકી તમામ લાભાર્થીઓને આવરી લેવાના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. વધુમાં વધુ લાભાર્થીઓ લાભ લે એવો અનુરોધ જિલ્લા વિકાસ અધિકારીશ્ દ્વારા પણ કરવામાં આવ્યો છે. આ સર્વેક્ષણની કામગીરી તાલુકા કક્ષાએથી નિયુક્ત કરેલા સર્વેયરો દ્વારા કરવામાં આવી રહી છે. સર્વેયરો દ્વારા લાભાર્થીઓના આધાર કાર્ડ, બેંક પાસબૂકની વિગતો, રેશન કાર્ડ, જોબકાર્ડ વિગતો સાથે મોબાઇલ એપ્લિકેશન દ્વારા રજીસ્ટ્રેશન, અરજી કરવાની કામગીરી કરાઇ રહી છે.તા. 20 સુધીમાં ડભોઇમાં 1820, ડેસરમાં 1522, કરજણમાં 1748, પાદરામાં 3772, સાવલીમાં 2165, શીનોરમાં 1386, વડોદરા તાલુકામાં 784 અને વાઘોડિયા તાલુકામાં 1219 લાભાર્થીઓનો સર્વે કરવામાં આવ્યો છે.

યૂથ કોંગ્રેસે વડાપ્રધાનના રાજીનામાની માગ કરી

અમેરિકાથી અપમાનિત કરી ભારતીયોને પરત મોકલતાં દેખાવ

દેખાવો કરનાર આગેવાનો કાર્યકરોની પોલીસે અટકાયત કરી

(પ્રતિનિધિ) વડોદરા તા. 21

અમેરિકા દ્વારા ગેરકાયદે વસવાટ કરતા ભારતીયોને અપમાનિત કરીને સાંકળથી બંદિવાન બનાવી જે રીતે દેશના નાગરિકોને પરત ભારતમાં મોકલી રહ્યા છે તેમ છતાં દેશના વડાપ્રધાન અને સરકાર આ સમગ્ર મામલે મૌન છે જ્યારે બીજા દેશોની સરકારો પોતાના નાગરિકોને પરત લાવવા ખાસ વિમાન મોકલી રહી છે સાથે જ તે દેશોના રાષ્ટ્રપ્રમુખ , વડાપ્રધાન પોતાના નાગરિકોને આવકારવા જાતે એરપોર્ટ પર જતા હોય આ સમગ્ર બાબતે વડોદરા શહેર યુથ કોંગ્રેસ દ્વારા શહેરના ફતેગંજ ખાતે દેશના વડાપ્રધાનના રાજીનામાની માંગ સાથે દેખાવો કરતા પોલીસે અટકાયત કરી હતી.

વડોદરા શહેર યુથ કોંગ્રેસ દ્વારા શુક્રવારે શહેરના ફતેગંજ ચારરસ્તા પાસે આવેલા સેફ્રોન ટાવર નજીક વિરોધ પ્રદર્શન કરવામા આવ્યું હતું જે દરમિયાન પોલીસ દ્વારા યુથ કોંગ્રેસના હોદ્દેદારો જેમાં કાર્યકારી પ્રમુખ પવન ગુપ્તા, આશિષ કોટડીયા, યસ રાજપુત, નિખિલ સોલંકી, ફાલ્ગુન સોરઠીયા, મુનાફ પઠાણ, ફેઇઝલ વોહરા અને અન્ય કાર્યકરોની ધરપકડ કરવામા આવી હતી. આ અંગે પવન ગુપ્તાએ પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, પોતાને વિશ્વગુરુ માનતા આપણા વડાપ્રધાન પ્લેન મોકલવાનું તો દુર ની વાત રહી પણ ભારતીયો સાથે થતું ગેરવર્તન રોકવા એક શબ્દ સુદ્ધાં બોલવાં તયાર નથી ત્યારે અમેરીકા દ્વારા વિશ્વ સામે ભારતનું અપમાન કરવામા આવ્યું છે અને વડાપ્રધાન મૌન છે તો આવા મૌન વડાપ્રધાને સ્વેચ્છાએ રાજીનામું આપી દેવું જોઇએ અને ભારત દેશ અને દેશના નાગરીકોની માફી પણ માંગવી જોઈએ તેમ જણાવ્યું હતું.

સરકારી કચેરીઓ પરથી પોલીસ ગાયબ થઇ જતા કર્મીઓને મોકળુ મેદાન

સરકારી કર્મીઓએ હેલ્મેટ પહેર્યા વિના ઓફિસ પર આવવાનું શરૂ કર્યું

રાજ્ય પોલીસ વડાના હેલ્મેટ અમલવારીના પરીપત્રને પણ કર્મચારીઓ ઘોળીને પી ગયાં

(પ્રતિનિધિ) વડોદરા તા.21

રાજ્ય પોલીસ વડાએ સરકારી કર્મચારીઓને નોકરી પર આવે ત્યારે હેલ્મેટ પહેરવાનો નિયમ ફરજીયાત કર્યો છે. પોલીસે કચેરીઓ પર ઉભી રહીને કાર્યવાહી કરવાની સુચના આપી હતી પરંતુ શહેરમાં શેઠની શિખામણ ઝાંપા સુધી કહેવત બંધ બેસતી આવી રહી છે. ન તો પોલીસ કચેરીઓ પર ચેકિંગ કરી રહ્યા છે ન તો સરકારી કર્મચારીઓ જાતે પણ હેલ્મેટ પહેરીને નોકરી પર આવી રહ્યા છે. જેના કારણે રાજ્ય પોલીસ વડાના પરીપત્રનો સરેઆમ ઉલ્લંઘન થતુ જોવા મળી રહ્યું છે.

પોલીસ વડા દ્વારા તાજેતરમાં પરીપત્ર કરીને રાજ્યની વિવિધ કચેરીઓમાં નોકરી પર આવતા કર્મચારીઓને હેલ્મેટ ફરજીયાત પહેરવા જણાવાયું હતું. જેના કારણે શહેર પોલીસ દ્વારા પરીપત્રના બીજા દિવસથી પરીપત્રની અમલવારી શરૂ કરી હતી અને વિવિધ સરકારી કચેરીઓ પર ટ્રાફિક પોલીસના પીએસઆઇ સહિતના જવાનો તૈનાત કરીને હેલ્મેટ નહી પહેરીને આવતા કર્મચારીઓ સામે તવાઇ બોલાવાઈ હતી. ત્યારે હવે ફરી પરીપત્ર અભરાઇ ચઢાવી દેવામાં આવ્યો હોય તેમ કોઇ પોલીસ કર્મચારી નર્મદા ભવન, પોલીસ ભવન, સિટી સર્વે તથા કુબેરભવન સહિતની કચેરીઓ પર જોવા મળતા નથી. પરિણામે સરકારી કર્મચારીઓને જાણે મોકળુ મેદાન મળી ગયું હોય લાગી રહ્યું છે. જેના કારણે હવે કર્મચારીઓ ફરી પાછા હેલ્મેટ પહેર્યા વિના નોકરી પર આવવાનું શરૂ કરી દીધુ છે. રાજ્ય પોલીસ વડાએ હેલ્મેટ પહેરવાના કારણે કોઇ અકસ્માત થાય અને માથામાં ગંભીરપ્રકારની ઈજા થવાના કારણે કોઇ જીવન ન જાય તેના માટે હેલ્મેટનો કાયદે ફરજીયાત બનાવ્યો હતો. પરંતુ કર્મચારીઓ કાયદાનો સરેઆમ ભંગ કરી રહ્યા તેમ જણાઇ રહ્યુ છે. બીજી તરફ પોલીસ કર્મચારીઓ પણ સરકારી કચેરીઓ પર ગાયબ થઇ ગયા છે.

ટ્રાફિક પોલીસની માત્ર દેખાડા પુરતી કાર્યવાહી

સુત્રોમાંથી જાણવા મળ્યા મુજબ કોઇ ઉચ્ચ પોલીસ અધિકારી કે મીડિયાના માણસો જો કવરેજ કરવા માટે આવતો ટ્રાફિક પોલીસના કર્મચારીઓ માત્ર દેખાયા પૂરતી કામગીરી કરતા હોય છે. ત્યારબાદ તેઓ પણ સ્થળ પર જોવા મળતા નથી કે કાર્યવાહી કરતા નથી.